થોડું N.M.M.S. પરીક્ષા વિશે.....

National Means cum Merit Scholarship પરીક્ષા એ ટૂંકમાં N.M.M.S. તરીકે ઓળખાય છે.

આ પરીક્ષાનું સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

સપ્ટેમ્બર મહિનાની આસપાસ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર ઓનલાઇન અરજી કરવાની હોય છે.

પરીક્ષા ફી રૂ. 80 + 12 = 92 પોસ્ટ ઓફીસમાં ચલણથી ભરવાની હોય છે.

Online અરજીની print, ચલણની નકલ, આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર વગેરે શાળા મારફત રા.પ. બોર્ડને મોકલવાનું હોય છે.

નવેમ્બર માસની શરૂઆતમાં પરીક્ષા લેવામાં આવે છે.

ઓક્ટોબર માસમાં ઓનલાઇન હોલટિકિટ મેળવી તેની પ્રિન્ટ કોપી પર શાળાના આચાર્યના સહિ સિક્કા કરાવવાના હોય છે.

પરીક્ષાનું પશ્ન પત્ર 180 ગુણનું હોય છે જે બે વિભાગમાં વહેંચાયેલું હોય છે.

વિભાગઃ- 1 માનસિક યોગ્યતા કસોટી - 90 ગુણ

વિભાગઃ- 2 શાળાકીય અભ્યાસ યોગ્યતા કસોટી - 90 ગુણ

જેમાં

(1) ગણિત - 20 ગુણ

(2) વિજ્ઞાન અને ટેકનોલોજી - 35 ગુણ

(3) સામાજિક વિજ્ઞાન - 35 ગુણ નો સમાવેશ થાય છે.

કસોટીમાં બંને વિભાગના કુલ 180 પ્રશ્નો બહુવિકલ્પ પ્રકારના પૂછવામાં આવે છે. જેના ઉત્તર OMR શીટમાં ○ કરીને આપવાનાં હોય છે.

પ્રત્યેક સાચા જવાબનો 1 ગુણ આપવામાં આવે છે.

ખોટા જવાબ માટે કોઇ નેગેટીવ માર્કિંગ નથી.

આ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જિલ્લાવાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે.

મેરીટ યાદીમાં સ્થાન પામેલ વિદ્યાર્થીઓને તેમના ધો.9 થી 12 ના અભ્યાસ દરમિયાન પ્રતિમાસ રૂ.500/- લેખે કુલ રૂ. 24000/- જેવી માતબર રકમની શિષ્યવૃતિ આપવામાં આવે છે.

-::: Best of Luck :::-

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી
N.M.M.S. પરીક્ષા માટે ઉપયોગી

વિદ્યાર્થીમિત્ર

N.M.M.S.

પ્રેક્ટિસ વર્ક

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી N.M.M.S. પરીક્ષા માટે ઉપયોગી

વિદ્યાર્થીમિત્ર

N.M.M.S.

પ્રેક્ટિસ વર્ક

-::: લેખન - સંપાદન :::-

વિદ્યાર્થીમિત્ર

પ્રથમ આવૃત્તિ :- ઓગષ્ટ, 2015

પ્રત :- 500

પૃષ્ઠ સંખ્યા :- 88

મૂલ્ય :- ₹50.00

(20 કે તેથી વધુ નકલ માટે રાહત મૂલ્યઃ- ₹ 30.00)

-::: પ્રકાશક :::-

શ્રીમતિ રશ્મિબેન રાજેન્દ્રકુમાર જોષી

મુ.પો. સનવાવ, તા.ગીરગઢડા, જિ.ગીર સોમનાથ

-::: મુદ્રક :::-

રાહુલ સોરઠિયા

પ્રથમેશ ઓફસેટ

ઊના

–::: ઋણ સ્વીકાર :::–

- પ્રશ્નો શોધવાના ખાંખાંખોળામાં સહાયરૂપ થયેલ જીજ્ઞેશગિરિ ગોસ્વામી, પ્રકાશભાઈ સીંધવ, દાનસિંગ ડોડીયા, મહેશભાઈ કોડીયાતર, મયંકભાઈ કનેરીયા તથા મારા અન્ય સાથી મિત્રોનો
- પુસ્તક તૈયાર કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડનાર મિત્ર તરૂણભાઈ કાટબામણા, પ્રદિપસિંહ ઝાલા તથા હેડ ટીચર મિત્રોનો
- આકૃતિઓ તથા ગાણિતિક સૂત્રોનું કંટાળાજનક અને થકાવી દેનારૂં ટાઈપ સેટીંગ હસતામુખે કરી આપનાર રાહુલભાઈ સોરઠિયાનો
- સમગ્રકાર્યમાં સહયોગી બનેલા સહુ કોઈનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ.

– લેખક

–::: અર્પણ :::–

શિક્ષક દ્વારા વિકાસ કરવા ઈચ્છતાએ સહુ બાળકોને

॥ બાલઃ દેવો ભવઃ ॥

વિભાગ : 1

માનસિક ક્ષમતા કસોટી

આ વિભાગનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીની માનસિક ક્ષમતા ચકાસવાનો છે. આ માટે કોઈ ચોક્કસ પેટર્નના પ્રશ્નો જ પૂછવાં તેવી યોજના નથી. છેલ્લા ત્રણ વર્ષના પ્રશ્નપત્રોનું અવલોકન કરતાં કુલ 23 પેટર્નના પ્રશ્નો પૂછાયેલાં જોવા મળેલ છે.

અહીં આ 23 પેટર્નની સમજૂતિ સાથે તે પ્રશ્નોને સરળતાથી કઈ રીતે ઉકેલી શકાય તેની ટિપ્સ આપવામાં આવેલ છે.

સામાન્ય રીતે શ્રેણી પૂર્ણ કરો, મૂળાક્ષરોને ક્રમમાં ગોઠવો, અલગ પડતું ઓળખો, દર્પણ આકૃતિઓ અને પાણીમાં પ્રતિબિંબ જેવા પ્રશ્નો વધુ પ્રમાણમાં પૂછાય છે. આથી તેનો મહાવરો વિશેષરૂપે થઈ શકે તેવું આયોજન કરેલ છે. ત્રણ વર્ષમાં માત્ર એક કે બે પ્રશ્નો જ પૂછાયા હોય તેવા પ્રકારના પ્રશ્નોનો પણ અહીં સમાવેશ કરેલ છે. અલબત્ત ઓછી માત્રામાં.

માત્ર 2013 માં ભાષાનાં 40 ગુણના પ્રશ્નો પૂછાયેલ હતાં. પરંતુ રાષ્ટ્રીય કક્ષાએથી નક્કી કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર આ વિભાગમાં માત્ર માનસિક ક્ષમતા ચકાસણીના પ્રશ્નો જ પૂછવાનાં હોઈ 2014 થી તેનો સમાવેશ આ વિભાગમાં કરવામાં આવતો નથી. જેથી આપણે પણ અહીં એ પ્રશ્નોને અવગણ્યા છે.

આ 23 પેટર્નના પ્રશ્નો આ પરીક્ષા તેમજ ભવિષ્યની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ આપને ઉપયોગી થશે એવી આશા છે.....

1. શ્રેણી પૂર્ણ કરો

આ પ્રકારના પ્રશ્નોમાં સંખ્યાઓની સાંકળ(શ્રેણી) આપવામાં આવેલી હોય છે. આ શ્રેણીના ક્રમિક પદો એક બીજા સાથે કોઇ ચોક્કસ સંબંધથી જોડાયેલા હોય છે. આપણે આ સંબંધ શોધી શ્રેણીમાં પ્રશ્નની અંદર આપેલ છેલ્લા પદ પછી કયું પદ આવશે તેનો અંદાઝ લગાવી જવાબ શોધવાનો હોય છે.

દા.ત. 1, 3, 5, 7,

અહી જોઇ શકાય છે કે શ્રેણીના બે ક્રમિક પદો વચ્ચેનો તફાવત 2 છે. આ રીતે ગણતરી કરતાં 7 પછીનું ક્રમિક પદ 7+2=9 હશે તેવું અનુમાન થઇ શકે છે.

આ પ્રકારના પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે નીચેના જેવી કેટલીક શ્રેણીઓ યાદ રાખવાથી ફાયદો થઇ શકે છે.

એકી સંખ્યાઓ : 1,3,5,7,9,11,13,15.....
બેકી સંખ્યાઓ: 2,4,6,8,10,12,14,16.....
પ્રાકૃતિક સંખ્યાઓ: 1,2,3,4,5,6,7,8,9,10,11.....
પૂર્ણ સંખ્યાઓ:0,1,2,3,4,5,6,7,8,9,10,11.....
પૂર્ણવર્ગ સંખ્યાઓ: 1,4,9,16,25,36,49,64,81,100.....
પૂર્ણઘન સંખ્યાઓ: 1,8,27,64,125,216.....
અવિભાજ્ય સંખ્યાઓ: 2,3,5,7,11,13,17,19.....
વિભાજ્ય સંખ્યાઓ: 4,6,8,9,10,12,14,15,16,18,20.....

આ ઉપરાંત ક્રમિક પદો વચ્ચે વધારા/ઘટાડા, ગુણ્યા/ભાગ્યા જેવા સંબંધોનો પણ વિચાર કરવો જોઇએ. અવયવ અને અવયવી વિશે પણ સંબંધ વિચારી શકાય.

આ પ્રકારના પ્રશ્નો ઉકેલવા માટે કોઇપણ બે ક્રમિક પદ વચ્ચેના સંબંધનું અનુમાન કર્યા બાદ અન્ય બે પદો વચ્ચે આવો સંબંધ છે કે કેમ? તે ચકાસી પછી જ જવાબ નક્કી કરવો જોઇએ. અહી મહાવરા માટે 1 થી 30 પશ્નો આપવામાં આવેલ છે જે આપને ઉપયોગી થશે.

નીચે આપેલા 1 થી 30 પ્રશ્નોના આંકડાઓને એક ચોક્કસ નિયામાનુસાર અંક શ્રેણીમાં ગોઠવવામાં આવેલા છે. તેમાં એક અંક ખૂટે છે તે.....મૂકીને દર્શાવેલ છે. પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પોમાંથી નિયમાનુસાર બંધ બેસતો અંક શોધી જે તે પ્રશ્નનો જવાબ નક્કી કરો

1. 2, 3, 4,
(1) 8 (2) 10 (3) 7 (4) 12

2. 4, 9, 16,
(1) 13 (2) 23 (3) 25 (4) 27

3. 23456, 2345, 345
(1) 234 (2) 34 (3) 45 (4) 456

4. 1, 10, 11
(1) 12 (2) 110 (3) 15 (4) 20

5. 7, 14, 21
(1) 42 (2) 28 (3) 35 (4) 22

6. 12, 9, 6,
(1) 4 (2) 3 (3) 2 (4) 1

7. 4, 10, 15,
(1) 16 (2) 19 (3) 20 (4) 22

8. 414, 525, 636
(1) 749 (2) 747 (3) 649 (4) 864

9. 5, 15, 25,
(1) 35 (2) 20 (3) 30 (4) 45

10. 7, 9, 11,
(1) 12 (2) 10 (3) 13 (4) 17

11. 16, 25, 36

(1) 40 (2) 45 (3) 49 (4) 54

12. 1, 8, 27

(1) 30 (2) 36 (3) 46 (4) 64

13. 5, 7, 10, 14

(1) 19 (2) 29 (3) 17 (4) 36

14. 3, 16, 29, 42

(1) 65 (2) 55 (3) 47 (4) 61

15. 27354, 7354, 735

(1) 35 (2) 73 (3) 53 (4) 75

16. 98, 91, 84, 77

(1) 67 (2) 71 (3) 70 (4) 73

17. 84, 72, 60

(1) 52 (2) 36 (3) 45 (4) 48

18. 454, 343, 232

(1) 121 (2) 212 (3) 221 (4) 122

19. 3, 6, 18

(1) 48 (2) 72 (3) 36 (4) 54

20. 81, 27, ..., 3

(1) 18 (2) 6 (3) 9 (4) 21

21. 4, 8, 12, 16

(1) 18 (2) 20 (3) 22 (4) 24

22. 64, 16, 32, 8

(1) 24 (2) 32 (3) 4 (4) 16

23. 3, 5, 9, 15, 23,

(1) 37 (2) 35 (3) 31 (4) 33

24. 2, 7, 14, 23

(1) 31 (2) 38 (3) 28 (4) 34

25. 2, 6, 14, 30, 62

(1) 124 (2) 130 (3) 126 (4) 142

26. 18, 10, 6, 4, 3,

(1) 8 (2) 2 (3) 3.5 (4) 2.5

27. 1, 6, 15

(1) 25 (2) 26 (3) 27 (4) 28

28. 1, 3, 7, 13, 21

(1) 27 (2) 29 (3) 31 (4) 33

29. 9, 16, 30, 58

(1) 104 (2) 114 (3) 116 (4) 118

30. 54, 45, 38, 33

(1) 32 (2) 31 (3) 30 (4) 29

2. અંગ્રેજી મૂળાક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવો

આ પ્રકારના પ્રશ્નોમાં આપવામાં આવેલા 3 થી 4 અંગ્રેજી મૂળાક્ષરોને ABCD ના ક્રમમાં ગોઠવવાના હોય છે. પ્રમાણમાં સરળ જણાતો આ પ્રશ્ન પ્રકાર કેટલીક વખત ખૂબ જ છેતરામણો સાબિત થતો હોય છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર શોધવા માટે ABCD ના મૂળાક્ષરોને ક્રમમાં યાદ રાખવાથી સરળતા રહે છે.

A B C D E F G
H I J K L M N
O P Q R S T U
V W X Y Z

ઉદાહરણ : C A T
(1)A T C (2)C A T (3)A C T (4)T A C
હવે આ પ્રશ્નમાં 3 અંગ્રેજી મૂળાક્ષરો C,A અને T આપવામાં આવેલ છે. ABCD ના ક્રમ અનુસાર જોતાં સૌ પ્રથમ A ત્યારબાદ C અને સૌથી છેલ્લે Tઆવે છે. આ રીતે ગોઠવણ કરવાથી વિકલ્પ (3) ACT એ આપણો સાચો ઉત્તર બને છે. અહી તમને મહાવરા માટે 31 થી 60 સુધી કુલ 30 પ્રશ્નો આપવામાં આવેલ છે.

પ્રશ્ન નં 31 થી 60 મુળાક્ષરોને તેમના ક્રમ પ્રમાણે ગોઠવો અને નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો જવાબ શોધો.

31. M B G
(1) B G M (2) G P B (3) M C G (4) T B M
32. O F J
(1) Z F C (2) F J O (3) J N P (4) O J F
33. A E C
(1) C F A (2) B H I (3) A C E (4) E C A

34. D G A
(1) A D G (2) B G D (3) M N P (4) T A B
35. L E D
(1) C E A (2) D E L (3) A B C (4) C A D
36. M O A D .
(1) M O O D (2) A D M O (3) C D P O (4) A O M D
37. Z P N
(1) Z A P (2) N P Z (3) X Y Z (4) Z N P
38. R J C
(1) R A C (2) B S C (3) C J R (4) J C R
39. M S C
(1) C M S (2) M S S (3) M I S (4) S C M
40. K D I
(1) K P C (2) D I K (3) I C D (4) D K I
41. B A F
(1) A B F (2) A F B (3) B A F (4) F B A
42. A C E
(1) A E C (2) A C E (3) C E A (4) E C A
43. H B Z
(1) Z H B (2) Z B H (3) B H Z (4) B Z H
44. L A C
(1) A C L (2) A L C (3) C A L (4) C L A
45. W Z K
(1) K W Z (2) K Z W (3) Z W K (4) W K Z
46. U O E
(1) U E O (2) E U O (3) E O U (4) U E O
47. A V E
(1) A V E (2) V A E (3) A E V (4) E A V
48. R P Q
(1) P Q R (2) P R Q (3) Q P R (4) Q R P

49. DTF
(1) DTF (2) TDF (3) BFT (4) D F T
50. YBR
(1) YRB (2) BRY (3) BYR (4) RYB
51. AKH
(1) KHA (2) HKA (3) AKH (4) AHK
52. BJC
(1) BCJ (2) JCB (3) JBC (4) BJC
53. CUP
(1) CPU (2) CUP (3) PUC (4) UPC
54. DOG
(1) ODG (2) GOD (3) OGD (4) DGO
55. EAT
(1) TEA (2) EAT (3) ATE (4) AET
56. NAME
(1) MANE (2) ANME (3) AENM (4) AEMN
57. GAME
(1) AGEM (2) AMEG (3) AEMG (4) AEGM
58. PLAY
(1) LPYA (2) YPLA (3) ALPY (4) APLY
59. GOAT
(1) AGOT (2) AOGT (3) AGTO (4) ATOG
60. SHIP
(1) PISH (2) PHIS (3) SIPH (4) HIPS

●

3. અલગ પડતું જૂથ ઓળખો (Oddman out)

આ પ્રકારના પ્રશ્નોમાં 3 કે 4 મૂળાક્ષરોના ચાર જૂથો વિકલ્પ તરીકે આપેલાં હોય છે. દરેક જૂથના મૂળાક્ષરો વચ્ચે કોઇ ક્રમનો કે અન્ય કોઇ સંબંધ હોય છે. આપેલા ચાર વિકલ્પોમાંથી કોઇ એક જૂથ આ સંબંધનું પાલન કરતું નથી. આપણે આવા જૂથને શોધીને જવાબ તરીકે દર્શાવવાનું છે.

ઉદાહરણઃ (1) ACE (2) BDF (3) PRS (4) UWY

અહીં જોઇ શકાય છે કે પ્રથમ વિકલ્પમાં આપેલ A પછી એક અક્ષર છોડતાં ABCD નો મૂળાક્ષર C આવે છે. ત્યારબાદ ફરી એક અક્ષર છોડતાં ABCD નો મૂળાક્ષર E આવે છે. આમ એક એક અક્ષર છોડતાં વિકલ્પના ક્રમિક અક્ષરો આવે છે. વિકલ્પ 2 માં પણ આજ રીતે BDF નો સંબંધ જોવા મળે છે. વિકલ્પ 4 માં પણ આજ રીતે UWY નો સંબંધ જોવા મળે છે. માત્ર વિકલ્પ 3 માં PRT ના બદલે PRS આપેલ છે. આમ તે જૂથ અન્ય જૂથ કરતાં અલગ પડે છે. આથી તે આપણો ઉત્તર બનશે.

આ પ્રકારના પ્રશ્નો માટે ABCD ના મૂળાક્ષરો તેમના ક્રમ સાથે યાદ રાખવાથી સરળતા રહે છે.

A	B	C	D	E	F	G
1	2	3	4	5	6	7
H	I	J	K	L	M	N
8	9	10	11	12	13	14
O	P	Q	R	S	T	U
15	16	17	18	19	20	21
V	W	X	Y	Z		
22	23	24	25	26		

અહી તમને મહાવરા માટે 61 થી 90 સુધી કુલ 30 પ્રશ્નો આપવામાં આવેલ છે.

નીચે આપેલા 61 થી 90 પ્રશ્નો માં એક મૂળાક્ષર જૂથ કોઈક નિયમાનુસાર જુદું પડે છે. જે જુદું પડે છે તે તમારો જવાબ છે.

61. (1) RST (2) LMN (3) BCD (4) EGH

62. (1) MO (2) PR (3) GI (4) FD

63. (1) XYZ (2) UVW (3) IKJ (4) CDE

64. (1) AB (2) DE (3) HJ (4) KL

65. (1) XYZ (2) CBA (3) HIJ (4) DEF

66. (1) AAB (2) BBC (3) CCD (4) DDF

67. (1) FeX (2) DmL (3) tuy (4) JpX

68. (1) ZABC (2) YABC (3) XABC (4) VABC

69. (1) Aa (2) Gg (3) Ii (4) Bd

70. (1) STU (2) NLM (3) PQR (4) GHI

71. (1) OPQ (2) BCD (3) LMO (4) HIJ

72. (1) ABc (2) POL (3) XYz (4) HPb

73. (1) CE (2) PR (3) LN (4) GJ

74. (1) BPC (2) LRM (3) DOH (4) OSP

75. (1) CEG (2) KMP (3) RTV (4) UWY

76. (1) EHK (2) PSV (3) LOO (4) GJM

77. (1) WVU (2) TSR (3) LHG (4) QPO

78. (1) ZYBA (2) XWDC (3) VUFE (4) TSGH

79. (1) ImN (2) cdE (3) fgH (4) qRS

80. (1) DV (2) CX (3) BY (4) AZ

81. (1) AQY (2) BRX (3) CSW (4) DRV

82. (1) AEP (2) BFQ (3) CDR (4) DHS

83. (1) TEA (2) SFZ (3) RDX (4) QHX

84. (1) PEA (2) QEB (3) REC (4) SEE

85. (1) HAT (2) JAT (3) MAT (4) NAT

86. (1) AKX (2) BLY (3) CMZ (4) DNB

87. (1) ABC (2) BDC (3) MNO (4) PQR

88. (1) ZYX (2) MNO (3) PQR (4) RST

89. (1) ABC (2) DEF (3) MNQ (4) PQR

90. (1) EAT (2) TEA (3) ATE (4) TREE

4. અલગ આકૃતિ ઓળખો (Oddman out)

આ પ્રકારના પ્રશ્નોમાં વિકલ્પ તરીકે 4 આકૃતિઓ આપવામાં આવેલી હોય છે. જેમાંની એક આકૃતિ બાકીની ત્રણ કરતાં કોઈ રીતે જુદી પડતી હોય છે. આપણે તેને ઓળખી જવાબ તરીકે દર્શાવવાની હોય છે.

ઉદાહરણઃ



(1) (2) (3) (4)

અહી વિકલ્પ 1, 2 અને 3 માં ના પાંખિયા ઘડીયાળના કાંટાની દિશામાં બતાવેલા છે. જ્યારે વિકલ્પ 4 માં તે ઘડીયાળના કાંટાની વિરૂધ્ધ દિશામાં બતાવેલા છે. આમ, વિકલ્પ 4 એ આપણો ઉત્તર થશે.

અહી મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલ છે.

91.



(1) (2) (3) (4)

92.



(1) (2) (3) (4)

93.



(1) (2) (3) (4)

94.



(1) (2) (3) (4)

95.



(1) (2) (3) (4)

96.



(1) (2) (3) (4)

97.



(1) (2) (3) (4)

98.



(1) (2) (3) (4)

99.



(1) (2) (3) (4)

100.



(1) (2) (3) (4)

101. 
(1) (2) (3) (4)

102.
(1) (2) (3) (4)

103. 
(1) (2) (3) (4)

104. 
(1) (2) (3) (4)

105. 
(1) (2) (3) (4)

106. 
(1) (2) (3) (4)

107. 
(1) (2) (3) (4)

108. 
(1) (2) (3) (4)

109. 
(1) (2) (3) (4)

110. 
(1) (2) (3) (4)

111. 
(1) (2) (3) (4)

112. 
(1) (2) (3) (4)

113. 
(1) (2) (3) (4)

114. 
(1) (2) (3) (4)

122. 

(1) (2) (3) (4)

123 

(1) (2) (3) (4)

124. 

(1) (2) (3) (4)

125. 

(1) (2) (3) (4)

126. 

(1) (2) (3) (4)

127. 

(1) (2) (3) (4)

128. 

(1) (2) (3) (4)

129. 

(1) (2) (3) (4)

130. 

(1) (2) (3) (4)

131. 

(1) (2) (3) (4)

132. 

(1) (2) (3) (4)

133. 

(1) (2) (3) (4)

134. 

(1) (2) (3) (4)

135. 

(1) (2) (3) (4)

6. પાણીમાં પ્રતિબિંબ (Water Image)

આ પ્રકારના પ્રશ્નોમાં એક પશ્ન આકૃતિ આપવામાં આવેલી હોય છે. આ આકૃતિને પાણીમાં જોવાથી કેવું પ્રતિબિંબ મળશે? તેનું અનુમાન કરી જવાબ નક્કી કરવાનો હોય છે.

આ પ્રશ્નોના ઉકેલ માટે એ યાદ રાખવું જોઈએ કે પાણીમાં જોવાથી ઉપરની અને નીચેની બાજુ ઉલટાઈ જતી હોય છે. જેથી પ્રશ્ન આકૃતિનો ઉપરનો ભાગ નીચેની તરફ અને નીચેનો ભાગ ઉપરની તરફ જતો રહે છે. આ પ્રકારે વિચારવાથી જવાબ શોધવામાં સરળતા રહે છે.

કેટલાક અંગ્રેજી મૂળાક્ષરો જેમ કે, C E H I K O X વગેરેની ઉપરની અને નીચેની બાજુ સરખી હોવાથી તેમની જળ આકૃતિ પણ સરખી જ રહે છે. જો કે કેટલાક ફોન્ટમાં K જેવા અક્ષરો વિશિષ્ટ વળાંકથી લખવામાં આવે ત્યારે તેમની પાણી આકૃતિ સરખી રહેતી નથી. જેની કાળજી લેવી જોઈએ.

આ પ્રકારના પ્રશ્નો સરળતાથી ઉકેલવા માટે અરીસાને ઉદાહરણમાં દર્શાવ્યા મુજબ નીચેની તરફ ગોઠવતાં રચાતાં પ્રતિબિંબોનો પ્રાયોગિક અભ્યાસ કરવો જોઈએ. કારણ કે, તે રીતે મળતું પ્રતિબિંબ જળ પ્રતિબિંબ જેવું હોય છે. ઉદાહરણઃ



અહી પ્રશ્ન આકૃતિ તરીકે અંગ્રેજી અંક 6 આપવામાં આવેલ છે. જેને પાણીમાં જોવાથી તેની ઉપરની અને નીચેની બાજુ ઉલટાય છે. આમ થવાથી જવાબ રૂપે .....મળશે.

અહી મહાવરા માટે કેટલાંક પ્રશ્નો આપેલા છે.



143.
(1) (2) (3) (4)

144.
(1) (2) (3) (4)

145.
(1) (2) (3) (4)

146.
(1) (2) (3) (4)

147.
(1) (2) (3) (4)

148.
(1) (2) (3) (4)

149.
(1) (2) (3) (4)

150.
(1) (2) (3) (4)

151.
(1) (2) (3) (4)

152. DUST
(1) (2) (3) (4)

153. CHAIR
(1) (2) (3) (4)

154. WHOM
(1) (2) (3) (4)

155. pond
(1) (2) (3) (4)

156. 16
(1) (2) (3) (4)

157.



(1) (2) (3) (4)

158.



(1) (2) (3) (4)

159.



(1) (2) (3) (4)

160.



(1) (2) (3) (4)

161.



(1) (2) (3) (4)

162.



(1) (2) (3) (4)

163.



(1) (2) (3) (4)

7. સંબંધ આકૃતિ (Relationship Figure)

આ પ્રકારના પ્રશ્નોમાં ત્રણ પશ્ન આકૃતિઓ આપવામાં આવેલી હોય છે. પ્રથમ અને બીજી આકૃતિ વચ્ચે કોઇ ચોક્કસ પ્રકારનો સંબંધ હોય છે. આવો જ સંબંધ ત્રીજી અને ચોથી આકૃતિ વચ્ચે રહે તે રીતે આપણે વિકલ્પો માંથી ચોથી આકૃતિને પસંદ કરવાની હોય છે.

ઉદાહરણઃ

પ્રશ્ન આકૃતિઃ



જવાબઃ



(1) (2) (3) (4)

અહી જોઇ શકાય છે કે પ્રથમ પ્રશ્ન આકૃતિમાં એક ત્રિકોણ (3 ખૂણા વાળી બંધ આકૃતિ) આપેલ છે. બીજી પ્રશ્ન આકૃતિમાં એક ચોરસ (4 ખૂણાવાળી બંધ આકૃતિ) માં એક ત્રિકોણ આપવામાં આવેલ છે. આમ, પહેલી આકૃતિમાં દર્શાવેલ ત્રિકોણ બીજી આકૃતિમાં તેનાથી એક ખૂણો વધુ હોય તેવા આકારની અંદર દર્શાવેલ છે. હવે ત્રીજી પ્રશ્ન આકૃતિમાં એક ચોરસ (4 ખૂણાવાળી બંધ આકૃતિ) આપવામાં આવેલ છે. તેથી હવે ચોથી આકૃતિ તરીકે ત્રીજી આકૃતિમાં દર્શાવેલ ચોરસ તેનાથી એક ખૂણો વધુ હોય તેવા આકાર પંચકોણમાં આપેલ હોય તે જરૂરી છે.

વિકલ્પોનું અવલોકન કરવાથી ખ્યાલ આવી શકે છે કે વિકલ્પ 3 એ સાચો જવાબ છે. અહી મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલા છે.

164 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

165 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

166 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

167 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

168 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

169 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

170 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

171 પ્રશ્ન આકૃતિઃ



(1) (2) (3) (4)

૮. આકૃતિનું વિશ્લેષણ

આ પ્રકારના પ્રશ્નોમાં એક જટીલ આકૃતિ મૂકવામાં આવેલી હોય છે. આપણે તે આકૃતિના આધારે પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપવાનો હોય છે.

ઉદાહરણ :



આપેલી આકૃતિમાં કુલ કેટલા ચોરસ છે?

હવે, અહી આપેલી આકૃતિમાં ત્રણ પ્રકારના ચોરસ છે. 1×1, 2×2 અને 3×3.

આ રીતે અવલોકન કરવાથી સરળતાથી ઉત્તર મળી શકે છે.

અહી, 1×1 ના કુલ 9 ચોરસ છે. 2×2 ના કુલ 4 ચોરસ છે.



અને 3×3 ના 1 ચોરસ છે. આમ, કુલ ચોરસની સંખ્યા 9+4+1= 14 થશે.

આ પ્રકારના પ્રશ્નો માટે સ્ટેપ વાઈઝ ગણતરી કરીને જ જવાબ નક્કી કરવો જોઈએ. યાદ રાખો કે આ ગણતરી કરતી વખતે આકૃતિનો એકનો એક ભાગ જુદી જુદી વખતે ફરીવાર ગણવાનો થાય છે.

અહી મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલ છે. તે આપને ઉપયોગી થશે. આવી આકૃતિઓ જાતે તૈયાર કરીને પણ વધુ મહાવરો કરી શકાય.

નીચેની આકૃતિને આધારે પ્રશ્ન ક્રમાંક 172 અને 173 નો ઉત્તર આપો



172. આકૃતિમાં કેટલી લાઇનો (સળંગ) છે ?

(1) 8 (2) 10 (3) 11 (4) 9

173. આકૃતિમાં કેટલા ચોરસ છે ?

(1) 19 (2) 18 (3) 20 (4) 13

નીચેની આકૃતિને આધારે પ્રશ્ન ક્રમાંક 174 થી 176 નો ઉત્તર આપો



174. આપેલી આકૃતિનું કુલ ક્ષેત્રફળ કેટલા ચોરસ થાય?

(1) 12 (2) 15 (3) 9 (4) 21

175. આપેલી આકૃતિમાં કુલ કેટલા ચોરસ છે?

(1) 12 (2) 16 (3) 17 (4) 20

176. આપેલી આકૃતિમાં કુલ કેટલી લાઇનો છે?

(1) 7 (2) 10 (3) 9 (4) 12

177. આ આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ છે?

(1) 5 (2) 8 (3) 6 (4) 10

178. આ આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ છે?



(1) 13 (2) 14 (3) 15 (4) 17

નીચેની આકૃતિને આધારે પ્રશ્ન ક્રમાંક 179 અને 180 નો ઉત્તર આપો



179. આકૃતિમાં કેટલા ત્રિકોણ છે.

(1) 12 (2) 16 (3) 18 (4) 20

180. આકૃતિમાં કેટલા ચોરસ છે ?

(1) 0 (2) 4 (3) 6 (4) 12

9. સાદું રૂપ આપો

ગણિતમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ મુખ્ય ચાર ક્રિયાઓ છે. આ ઉપરાંત કૌસથી પણ તમે પરિચિત હશો જ. કેટલીક વખત આ ચાર ક્રિયાઓ અને કૌસ વગેરે એક સાથે કરવાની થાય તેવી રકમનું સાદુ રૂપ આપવાના પ્રશ્નો પૂછાય છે. આ દરેક ક્રિયાઓ આવડતી હોવા છતાં જો તેને યોગ્ય ક્રમમાં કરવામાં ન આવે તો સાચો જવાબ મળી શકતો નથી. આ માટે અંગ્રેજી ભાષામાં BoDMAS નો નિયમ છે. જેની સમજુતિ નીચે મુજબ આપી શકાય.

Bo નો અર્થ Bracket off એટલે કે કૌસ છોડવો
D નો અર્થ Devidation એટલે કે ભાગાકાર કરવો
M નો અર્થ Multiplication એટલે કે ગુણાકાર કરવો
A નો અર્થ Addition એટલે કે સરવાળો કરવો
S નો અર્થ Subtractions એટલે કે બાદબાકી કરવી

આમ આ દરેક ક્રિયાઓ ઉપર જણાવેલ ક્રમ અનુસાર કરવી જોઇએ.

ઉદાહરણ:

52+(35×6) ÷ 7 - 8

= 52+ 210 ÷ 7 - 8

= 52+ 30-8

= 82-8

= 74

અહી તમને મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલ છે.

181. 10 × 3 + 5 =
(1) 80 (2) 35 (3) 53 (4) 25

182. 18 - 8 + 7 =
(1) 3 (2) 15 (3) 17 (4) 21

183 32 ÷ 8 + 4 =
(1) 8 (2) 20 (3) 44 (4) 18

184. 3 × 8 ÷ 24 =
(1) 9 (2) 48 (3) 0 (4) 1

185. 119 ÷ 7 - 9 =
(1) 8 (2) 12 (3) 60 (4) 50

186. 50 ÷ (2 + 5) - 3
(1) 8 (2) 2 (3) 27 (4) 37

187. 8 × 4 + 3 - 40 ÷ 5
(1) 8 (2) 27 (3) 60 (4) 55

188. 32 × 8 - (7+5) ÷ 6
(1) 254 (2) 238 (3) 41 (4) 113

189. 3 × 5 ÷ (3+2) - 3
(1) 8 (2) 113 (3) 0 (4) 50

190. (17-5) + (14×11) ÷ 22
(1) 8 (2) 11 (3) 19 (4) 5

191. 7 + 3 - (14 ÷ 7) ÷ 2
(1) 9 (2) 13 (3) 6 (4) 50

192. 16 × 2 - (28+2) ÷ 15
(1) 8 (2) 113 (3) 60 (4) 30

193. 1 + 2 × 3 - (4+2) ÷ 3
(1) 5 (2) 6 (3) 7 (4) 8

194. 4 + 4 × 4 - 4 ÷ 4
(1) 11 (2) 13 (3) 17 (4) 19

195. 5 + 5 ÷ 5 - 5 × 5
(1) -25 (2) 25 (3) -19 (4) 19

10. નિશાનીનો યોગ્ય ક્રમ નક્કી કરો

આ પ્રકારના પ્રશ્નોમાં આપેલી રકમમાં ગાણિતિક નિશાનીઓના સ્થાને * મુકવામાં આવેલ હોય છે. આ * ની જગ્યાએ +, -, ×, ÷ કે = ની નિશાની યોગ્ય ક્રમમાં મૂકવાથી સમીકરણ સાચુ બનતું હોય છે. આપણે આગળના પ્રકરણમાં સાદું રૂપ આપવાનો નિયમ શીખી ગયા છીએ. આ નિયમનું પાલન થાય તે રીતે સાચા વિકલ્પની પસંદગી કરવાની થાય છે.

ઉદાહરણઃ

1 * 5 * 4 * 2

(1) × + = (2) × = + (3) × - = (4) + - =

વિકલ્પ 1 અનુસાર 1 * 5 * 4 * 2 માં નિશાની ફેરવતાં 1×5+4=2 થાય જે સાચું નથી.

વિકલ્પ 2 અનુસાર 1 * 5 * 4 * 2 માં નિશાની ફેરવતાં 1×5=4+2 થાય જે સાચું નથી.

વિકલ્પ 3 અનુસાર 1 * 5 * 4 * 2 માં નિશાની ફેરવતાં 1×5-4=2 થાય જે સાચું નથી.

વિકલ્પ 1 અનુસાર 1 * 5 * 4 * 2 માં નિશાની ફેરવતાં 1+5-4=2 થાય જે સાચું છે.

આમ, વિકલ્પ 4 એ આપણો ઉત્તર બનશે.

અહી મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપેલા છે.

196. 5 * 8 * 80 * 2

(1) ÷ = × (2) × = ÷ (3) - = + (4) + = -

197. 9 * 9 * 10 * 8

(1) - + = (2) × ÷ = (3) + - = (4) ÷ × =

198. 3 * 7 * 15 * 6

(1) + = × (2) × = × (3) + = + (4) × = +

199. 2 * 3 * 5 * 10

(1) + + = (2) + × = (3) + - = (4) + ÷ =

200. 70 * 14 * 7 * 2

(1) + ÷ = (2) ÷ = - (3) + + = (4) + = +

201. 25 * 1 * 2 * 24

(1) + + = (2) + × = (3) + - = (4) + ÷ =

202. 20 * 20 * 20 * 20

(1) = × - (2) + = × (3) = × - (4) × ÷ =

203. 10 * 2 * 10 * 10

(1) + = - (2) × - = (3) × = - (4) ÷ - =

204. 4 * 2 * 2 * 4

(1) ÷ + = (2) × + = (3) - + = (4) = + +

205. 3 * 3 * 3 * 6

(1) ÷ - = (2) × - = (3) + = - (4) - = +

206. 10 * 5 * 2 * 0

(1) = × + (2) - + = (3) ÷ + = (4) + × =

207. 2 * 3 * 1 * 5

(1) × - = (2) + = - (3) + = + (4) × = ×

208. 6 * 6 * 2 * 3

(1) ÷ + = (2) × = + (3) + + = (4) + - =

209. 2 * 2 * 3 * 3

(1) + - = (2) + = - (3) - = + (4) - + =

210. 15 * 4 * 3 * 3

(1) = × + (2) = + × (3) × = × (4) × ÷ =

12. અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણી

આ પ્રકારના પ્રશ્નોમાં અંકોની શ્રેણીની જેમ જ મૂળાક્ષરોની શ્રેણી પૂછવામાં આવે છે. આપણે ક્રમિક પદોના સંબંધનો વિચાર કરી શ્રેણીનું હવે પછીનું પદ શોધવાનું હોય છે.

ઉદાહરણઃ

A, E, I, M

(1) U (2) O (3) Q (4) Y

અહી શ્રેણીના પ્રથમ ત્રણ પદો અંગ્રેજી સ્વરો છે. જેથી આ શ્રેણી સ્વરોની હોવાનું અનુમાન કરવાની સહજ ઈચ્છા થાય પરંતુ શ્રેણીનું અંતિમ પદ M એ સ્વર નથી તેથી નક્કી થાય છે કે આપેલી શ્રેણી સ્વરોની શ્રેણી નથી. જેથી આપણે અન્ય કોઈ સંબંધનો વિચાર કરવો રહ્યો.

અહી શ્રેણીનું પ્રથમ પદ A છે. જેના પછી B-C-D એમ ત્રણ અક્ષર છોડવાથી બીજુ પદ E મળે છે. એવી જ રીતે ત્રણ ત્રણ અક્ષરો છોડવાથી ક્રમશઃ I અને M મળે છે. આ રીતે આગળ વિચારતા શ્રેણીનું હવે પછીનું પદ N-O-P એમ ત્રણ અક્ષર છોડવાથી Q મળે. આમ, વિકલ્પ 3 એ આપણો સાચો ઉત્તર થશે.

અહી તમને મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલ છે.

226. B D F
(1) G (2) I (3) H (4) C

227. A1 C3 E5
(1) G7 (2) B2 (3) F6 (4) H8

228. BD DF FH
(1) EG (2) HI (3) HJ (4) GK

229. AZ BY CX
(1) ZA (2) DW (3) DV (4) EX

230. A CD FGH
(1) ABCD (2) EFGH (3) IJKL (4) JKLM

231. ABC BCD CDE
(1) DEF (2) EFG (3) LMN (4) HIJ

232. ZAZ YBY XCX
(1) ZDZ (2) VDV (3) WCW (4) WDW

233. DEE ABB GHH
(1) CDD (2) FKK (3) PTT (4) CEE

234. AB DEF IJ
(1) JKL (2) KLM (3) IJK (4) LMN

235. ABZ BCY CDX
(1) DCW (2) DCZ (3) DEW (4) CEW

●

13. શ્રેણી આધારિત વિશેષ પ્રશ્નો

આ પ્રકારના પ્રશ્નોમાં અંકો, અક્ષરો કે નિશાનીઓન શ્રેણી આપેલ હોય છે. જેના આધારે પૂછાયેલ પ્રશ્નોના ઉત્તર આપવાના હોય છે આ માટે મહાવરો અને કાળજી પૂર્વકના અવલોકનથી ઉકેલ શોધવામાં સરળત રહે છે. અહી કેટલાક મહાવરાના પ્રશ્નો આપેલા છે તે ધ્યાનથી જુઓ.

પ્રશ્ન નંબર 236 અને 237 માટે આંકડા નીચે આપેલ છે.

3324321352332453261432235342 32

236. ઉપરના આંકડામાંથી શ્રેણીમાં એવા કેટલા 3 છે જેની પાછળનો અં 2 આવે અને આગળનો અંક 3 ન આવે?
(1) 4 (2) 2 (3) 3 (4) 5

237. શ્રેણીના બે પાસ પાસેના અંકોનો સરવાળો 6 થાય તેવા અંકોની જોડ કેટલી?
(1) 3 (2) 4 (3) 5 (4) 6

પ્રશ્ન નંબર 238 થી 240 માટે આંકડા નીચે આપેલ છે.

6778889999798869877687

238. ઉપરના આંકડામાંથી શ્રેણીમાં એવા કેટલા 7 છે જેની આગળનો અંક કે પાછળનો અંક 7 ન હોય?

(1) 1 (2) 3 (3) 4 (4) 2

239. શ્રેણીના બે પાસ પાસેના અંકોનો સરવાળો 16 થાય તેવા અંકોની જોડ કેટલી?

(1) 1 (2) 2 (3) 4 (4) 5

240. શ્રેણીના બે પાસ પાસેના અંકોનો સરવાળો 15 કરતાં ઓછો થાય તેવા અંકોની જોડ કેટલી?

(1) 3 (2) 4 (3) 5 (4) 6

પ્રશ્ન નં. 241 થી 243 માટેના અક્ષરો નીચે આપેલ છે.

XYZZXYZYYXYYXYZZYXYZZXXYZX

241. જોડે જોડે ZZ આવે તેવા કેટલા?

(1) 1 (2) 2 (3) 3 (4) 4

242. Y ની આગળ X અને પાછળ Z આવે તેવા કેટલા?

(1) 5 (2) 2 (3) 3 (4) 4

243. સાથે સાથે YY આવે તેવા કેટલા?

(1) 1 (2) 2 (3) 3 (4) 4

244. ab___ccca___bccc___bbcc___.

(1) a b b c (2) b b a c (3) b b c a (4) c a b c

245. xy___zzzab___cc___ddd___.

(1) y b c d (2) y c c e (3) y b d e (4) y c d e

14. તાર્કિક ક્રમમાં ગોઠવો

આ પ્રકારના પ્રશ્નોમાં આપેલા ચાર શબ્દોને તાર્કિક રીતે યોગ્ય હોય તે મુજબના ક્રમમાં ગોઠવણી કરવાની હોય છે.

ઉદાહરણઃ

(A) લગ્ન (B) જન્મ (C) વેવિશાળ (D) નામકરણ

વિકલ્પો

(1) C,B,A,D (2) B,C,D,A (3) B,D,A,C (4) B,D,C,A

અહી આપેલા શબ્દોને જીવનના ઘટનાક્રમ અનુસાર વિચારતાં સૌપ્રથમ જન્મ ત્યારબાદ નામકરણ પછી વેવિશાળ અને છેલ્લે લગ્ન આ ક્રમ તાર્કિક રીતે યોગ્ય જણાય છે. જેથી સાચો વિકલ્પ (4) B,D,C,A થશે.

અહી કેટલાક મહાવરાના પ્રશ્નો આપેલા છે તે ધ્યાનથી જુઓ.

246. (A) લાકડું (B) જંગલ (C) જમીન (D) ખુરશી

(1) C,B,A,D (2) C,A,B,D (3) C,A,D,B (4) C,B,D,A

247. (A) પર્વત (B) સમુદ્ર (C) ઝરણું (D) નદી

(1) A,B,C,D (2) A,B,C,D (3) A,D,C,B (4) A,C,D,B

248. (A) પરીક્ષા (B) જાહેરાત (C) પસંદગી (D) આવેદનપત્ર

(1) B,A,C,D (2) B,D,A,C (3) B,A,D,C (4) B,D,C,A

249. (A) ઉંદર (B) વાઘ (C) કૂતરો (D) બિલાડી

(1) A,D,B,C (2) A,C,D,B (3) A,D,C,B (4) A,C,B,D

250. (A) ફળ (B) બીજ (C) ફૂલ (D) છોડ

(1) B,D,C,A (2) B,A,C,D (3) B,D,A,C (4) B,A,D,C

15. કોણ અલગ પડે છે?

આ પ્રકાર આપણે અગાઉ કરેલ Oddman Out જેવો જ છે. અહી આકૃતિના સ્થાને શબ્દો આપવામાં આવેલા હોય છે.

251. નીચેનામાંથી અલગ પડતો શબ્દ શોધો

(1) વાઘ (2) ઊંટ (3) હાથી (4) ઘોડો

252. નીચેનામાંથી અલગ પડતો શબ્દ શોધો

(1) ઘોડાગાડી (2) સાઇકલ (3) મોટર (4) મોટરસાઇકલ

253. નીચેનામાંથી અલગ પડતો શબ્દ શોધો

(1) દાડમ (2) ગુલાબ (3) કમળ (4) જાસુદ

254. નીચેનામાંથી અલગ પડતો શબ્દ શોધો

(1) પુસ્તક (2) સ્ટેથોસ્કોપ (3) માઇક્રોસ્કોપ (4) પેન

255. નીચેનામાંથી અલગ પડતો શબ્દ શોધો

(1) જાદુગર (2) કાકા (3) મોચી (4) વણકર

કેટલીક વખત અંગ્રેજી અક્ષરોની શ્રેણી આપી તેમાંથી ખોટો અક્ષર અલગ તારવવાના પ્રશ્નો પણ પૂછવામાં આવતાં હોય છે.

256. J M P T V Y

(1) J (2) P (3) T (4) Y

257. A E H O U

(1) U (2) O (3) H (4) E

258. C H M S W B

(1) C (2) S (3) B (4) W

259. M L O N G P R

(1) R (2) O (3) G (4) L

260. B E I N S A I

(1) A (2) E (3) S (4) I

16. મહાશબ્દ કોણ?

માનસિક કસોટીનો આ એક વિશિષ્ટ પ્રકાર છે. જેમાં ચાર શબ્દો આપવામાં આવેલા હોય છે. આપણે તેમાંથી એક શબ્દ એવો પસંદ કરવાનો હોય છે જેમાં બાકીના ત્રણેય શબ્દોનો સમાવેશ થઇ જતો હોવો જોઇએ. એટલે જ તો આપણે તેને કહીએ છીએ મહાશબ્દ!

ઉદાહરણઃ

(1) મહોલ્લો (2) સોસાયટી (3) ઘર (4) ગામ

અહી ઘર, મહોલ્લો અને સોસાયટીનો સમાવેશ ગામમાં થઇ જાય છે. તેથી વિકલ્પ 4 એ આપણો સાચો ઉત્તર છે. ચાલો થોડા વધુ પ્રશ્નોથી મહાવરો કરીએ.

261. (1) ગુજરાત (2) ભારત (3) જૂનાગઢ (4) એશિયા

262. (1) ગુજરાત (2) ભારત (3) બિહાર (4) એશિયા

263. (1) ગામ (2) રાજ્ય (3) તાલુકો (4) દેશ

264. (1) એકી સંખ્યાઓ (2) બેકી સંખ્યાઓ

(3) અવિભાજ્ય સંખ્યાઓ (4) પૂર્ણ સંખ્યાઓ

265. (1) ગાય (2) ભેંસ (3) પશુઓ (4) ઘોડો

266. (1) જંગલ (2) દરિયો (3) પૃથ્વી (4) પર્વત

267. (1) પૂર્ણ સંખ્યાઓ (2) વાસ્તવિક સંખ્યાઓ

(3) અપૂર્ણાંક સંખ્યાઓ (4) પૂર્ણ વર્ગ સંખ્યાઓ

268. (1) વાક્ય (2) શબ્દ (3) શબ્દ સમૂહ (4) મૂળાક્ષર

269. (1) ખીર (2) ખાંડ (3) દૂધ (4) ચોખા

270. (1) તત્વ (2) પરમાણુ (3) અણુ (4) સંયોજન

17. સાંકેતિક ભાષા (Code Language)

આ પ્રકારના પ્રશ્નોમાં મૂળાક્ષરોના સ્થાને અંકનો કે અંકના સ્થાને મૂળાક્ષરોનો સંકેત તરીકે ઉપયોગ કરીને લખવામાં આવે છે. પ્રશ્નમાં એક ઉદાહરણ રૂપ શબ્દ કે સંકેત વ્યવસ્થા આપેલ હોય છે. આપણે તેને અનુસરીને સાચો ઉકેલ મેળવવાનો હોય છે.

ઉદાહરણઃ

જો સફરજન = 65421 હોય તો ફરજ = ?

(1) 654 (2) 521 (3) 421 (4) 542

અહી ઉદાહરણ રૂપ શબ્દનું અવલોકન કરવાથી ખ્યાલ આવે છે કે સ=6, ફ=5, ર=4, જ=2 અને ન=1 આવી રીતે લખવાથી સફરજન શબ્દનો સંકેત 65421 તૈયાર થયેલ છે. આ રીતે ફરજનો સંકેત 542 થાય તેથી વિકલ્પ 2 એ આપણો સાચો ઉત્તર છે. ચાલો કેટલાક પ્રશ્નો વડે મહાવરો કરીએ.

271. ARE ને એક સાંકેતિક ભાષામાં 1185 લખી શકાય તો, તે જ સાંકેતિક ભાષામાં EAR ને કેવીરીતે લખાય?

(1) 1815 (2) 5118 (3) 1518 (4) 5181

272. BD=24, AC=13 તો AD=.....

(1) 14 (2) 21 (3) 13 (4) 23

273. જો 1=ક, 2=ખ, 3=મ, 4=લ તો 234=.....

(1) કખમ (2) ખમલ (3) મલક (4) મલખ

274. જો 'જમશેદપૂર' = 123456, તો 'મરદ'= .....

(1) 264 (2) 123 (3) 729 (4) 246

275. 'THREE' ની સાંકેતિક ભાષા 'VJTGG' લખવામાં આવે તો 'FOUR' ની સાંકેતિક ભાષા શું થશે?

(1) HQWT (2) HQTW (3) HPWT (4) HQVT

નીચે આપેલ સાંકેતિક ભાષાને આધારે પ્રશ્ન નં. 276 થી 278 ના જવાબ આપો

'APRIL' ની સાંકેતિક ભાષા '12345' છે, 'MARCH' ની સાંકેતિક ભાષા '61378' છે.

276. 'PARCL' નો કોડ કયો?

(1) 21475 (2) 21537 (3) 21375 (4) 21357

277. 'RAMLP' નો કોડ શો હશે?

(1) 31652 (2) 31562 (3) 31265 (4) 31256

278. 'HAMPR' નો કોડ કયો?

(1) 81632 (2) 81263 (3) 81623 (4) 81523

279. 'MARCH' ને બદલે 'abcde' અને 'MAY' ને બદલે 'abf' લખાય તો 'RAMCY' નો કોડ શો થશે?

(1) cbadf (2) cdbaf (3) cbdaf (4) cbafd

280. કોઈ સાંકેતિક ભાષામાં 'NAME' ને '4258' સાંકેતિક સંખ્યા અપાય તો 'MEAN' નો કોડ કયો?

(1) 2458 (2) 5842 (3) 2485 (4) 5824

281. જો જામનગર = 12345 હોય, ભાવનગર = 67345 હોય તો ગરમ નો કોડ શો થશે?

(1) 452 (2) 457 (3) 451 (4) 456

282. જો કરવત = 1357, સરબત = 2347 તો કસરત = ?

(1) 1234 (2) 2345 (3) 3457 (4) 1237

283. જો લખતર = 1234, જસદણ = 5678 તો દરજી = ?

(1) 719 (2) 810 (3) 749 (4) 750

●

18. વાર અને દિવસની ગણતરી કરવી

આ પ્રકારના પ્રશ્નોમાં કોઈ એક તારીખનો વાર કે દિવસ આપવામાં આવે છે. જ.ના આધારે પૂછવામાં આવ્યું હોય તે દિવસનો વાર કે દિવસની સંખ્યા શોધવાની હોય છે. આ પ્રશ્નોનો સરળતાથી ઉકેલ મેળવવા માટે બે બાબતો યાદ રાખવી જરૂરી છે.

(1) અંગ્રેજી માસમાં દિવસોની સંખ્યા

જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ	એપ્રીલ	મે	જૂન
31	28/29	31	30	31	30

જુલાઈ	ઓગષ્ટ	સપ્ટેમ્બર	ઓક્ટોમ્બર	નવેમ્બર	ડિસેમ્બર
31	31	30	31	30	31

(2) કોઈપણ તારીખ 7 દિવસ ઉમેરવાથી ફરી પાછો એ જ વાર હોય.

દા.ત.: જો કોઈ મહિનાની 2 તારીખે રવિવાર હોય તો 7 દિવસ પછી એટલે કે 2+7=9 તારીખે પણ રવિવાર જ હોય. પ્રમાણમાં નાની લાગતી આ બાબતો પ્રશ્નનો ઉકેલ મેળવવામાં ઘણી જ ઉપયોગી સાબિત થાય તેવી છે.

ઉદાહરણઃ

જો 14 જાન્યુઆરી, 2015 ના રોજ બુધવાર હોય તો 15 ઓગષ્ટ, 2015 ના રોજ કયો વાર હશે?

(1) ગુરૂવાર (2) શનિવાર (3) સોમવાર (4) મંગળવાર

હવે આ પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે સૌ પ્રથમ દિવસોની ગણતરી કરવી જોઈએ

14 જાન્યુઆરી થી 15 ઓગષ્ટ સુધીના દિવસોની સંખ્યા

જાન્યુ. + ફેબ્રુ + માર્ચ + એપ્રીલ + મે + જૂન + જુલાઈ + ઓગષ્ટ =

17 + 28 + 31 + 30 + 31 + 30 + 31 + 15 = 213

થશે. 213 ને 7 વડે ભાગવાથી 3 શેષ વધે. તેથી બુધવારે પછીના ત્રણ દિવસ ગુરૂ - શુક્ર - શનિ. આમ, 15 ઓગષ્ટ, 2015 ના રોજ શનિવાર હશે તેમ કહી શકાય. જેથી વિકલ્પ-2 એ આપણો સાચો ઉત્તર થશે.

અહી આપને મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા છે.

284. ગઈ કાલે મંગળવાર હતો તો પાંચ દિવસ પછી કયો વાર હશે.

(1) રવિવાર (2) સોમવાર (3) બુધવાર (4) શનિવાર

285. આજે દશેરા છે, વર્ષના 365 દિવસ ધ્યાને લેતાં આવતા વર્ષની નવરાત્રીને કેટલા દિવસ બાકી હશે ?

(1) 345 (2) 350 (3) 355 (4) 360

286. નવેમ્બર માસની પહેલી તારીખે શુક્રવાર છે, તો તે માસમાં કયો વાર પાંચ વખત આવશે.

(1) શનિવાર (2) રવિવાર (3) સોમવાર (4) મંગળવાર

287. ફેબ્રુઆરી માસની 14 તારીખે રવિવાર છે, તો નવેમ્બર માસની 14 તારીખે કયો વાર હશે?

(1) રવિવાર (2) શનિવાર (3) ગુરૂવાર (4) મંગળવાર

288. ઓગષ્ટ મહિનાની પહેલી તારીખે શનિવાર છે, તો તે માસમાં કયો વાર પાંચ વખત નહીઆવે?

(1) રવિવાર (2) શુક્રવાર (3) શનિવાર (4) સોમવાર

289. જો પહેલી જાન્યુઆરીના રોજ ગુરૂવાર હોય તો એ વર્ષે ફ્રેન્ડશીપ ડે (જે ઓગષ્ટ મહિનાનો પ્રથમ રવિવારે ઉજવાય છે) કઈ તારીખે મનાવવામાં આવશે?

(1) 6 (2) 7 (3) 4 (4) 2

290. 29 મી ફેબ્રુઆરીના રોજ જન્મેલા બાળકનો પ્રથમ જન્મદિવસ આવે ત્યારે તેની ઉંમર કેટલા દિવસની હશે?

(1) 366 (2) 1459 (3) 1461 (4) 1460

19. ઊંચું-નીચું / નાના-મોટું નક્કી કરવું

આ પ્રકારના પ્રશ્નોમાં આપેલ બાબતોની સરખામણી કરીને જવાબ આપવાનો હોય છે.

ઉદાહરણઃ

A, B કરતાં નીચો છે. B,C કરતાં ઊંચો છે, તો સૌથી ઊંચુ કોણ?

(1) A (2) B (3) C (4) D

આ પશ્નનો ઉકેલ સરળતાથી અને ચોક્કસાઇ પૂર્વક શોધવા ગાણિતિક અસમતાઓની મદદ લેવી જોઇએ.

અહીં A < B અને C < B છે.

આમ, B એ A અને C બંને કરતાં ઊંચો છે.

જે પરથી કહી શકાય કે B એ સૌથી ઊંચો છે. જેથી વિકલ્પ 2 એ આપણો સાચો ઉત્તર થશે. આ પ્રકારના પ્રશ્નોમાં કેટલીક વખત TWIST કરીને કે ચોક્કસ ઉત્તર ન હોય તેવા પ્રશ્નો પૂછી ગૂંચવણ ઉભી કરવામાં આવે છે. આપણે શાંતિપૂર્વક અસમતા ચકાસી સાચો વિકલ્પ પસંદ કરવો જોઇએ

અહીં મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલ છે.

291. મીના ટીના કરતાં ઉંચી છે, મહેશ કરતાં સુરેશ ઊંચો છે ટીના કરતાં મહેશ ઊંચો છે. તો સૌથી નીચું કોણ?

(1) ટીના (2) મીના (3) સુરેશ (4) મહેશ

292. નયન રમણ કરતાં મોટો છે, ભરત નયન કરતાં નાનો છે પણ રમણ કરતાં મોટો છે, મગન ભરત કરતા મોટો છે પણ નયન કરતા નાનો છે, તો સૌથી મોટું કોણ હશે?

(1) રમણ (2) ભરત (3) નયન (4) મગન

293. સીતા ગીતા કરતાં ઊંચી છે. ગીતા નીતા કરતાં નીચી છે. સૌથી નીચું કોણ ?

(1) સીતા (2) ગીતા (3) નીતા (4) કઇ કહી ન શકાય

294. 'ક' એ 'ખ' નો મોટો ભાઇ છે. 'ગ' એ 'ખ' ની નાની બહેન છે. તો સૌથી નાનું કોણ?

(1) ગ (2) ખ (3) ક (4) કંઇ કહી ન શકાય

295. A, B કરતાં મોટો છે. C,D કરતાં નાનો છે. B,C કરતાં મોટો છે. તો સૌથી મોટું કોણ?

(1) A (2) B (3) D (4) C

296. વત્સલ, દક્ષ કરતાં મોટો છે. કવન, ધ્યેય કરતાં મોટો છે. દક્ષ કવન કરતાં મોટો છે. તો સૌથી મોટું કોણ?

(1) ધ્યેય (2) દક્ષ (3) કવન (4) વત્સલ

297. વડલાની ઉંચાઇ પીપળા કરતાં ઓછી છે. આસોપાલવની ઉંચાઇ ગુલમહોર કરતાં વધુ છે. પીપળો ગુલમહોર કરતાં ઉંચો છે. કયું ઝાડ સૌથી નીચું હશે?

(1) આસોપાલવ (2) ગુલમહોર (3) વડલો (4) પીપળો

298. ગંગા કાવેરી કરતાં લાંબી છે. તાપી કરતાં યમુનાની લંબાઇ વધુ છે. કાવેરી તાપી કરતાં લાંબી છે. સૌથી ઓછી લંબાઇ કોની હશે?

(1) કાવેરી (2) ગંગા (3) તાપી (4) યમુના

20. હરોળમાં સ્થાન નક્કી કરવું

આ પ્રકારના પ્રશ્નમાં હરોળમાં કોઇ એક બાજુથી સ્થાન જણાવી તેના આધારે અન્ય વિગતો સંબંધી પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. આ પ્રશ્નના ઉકેલ માટે ધ્યાનમાં રાખવા જેવું...

→	1	2	3	4	5	6	
ડાબી બાજુ	A	B	C	D	E	F	જમણી બાજુ
	6	5	4	3	2	1	←

અહીં જોઇ શકાય છે કે છ મૂળાક્ષરોની હરોળમાં ડાબી બાજુથી C નું સ્થાન ત્રીજુ છે.

જ્યારે જમણી બાજુથી ગણતરી કરતાં C નું સ્થાન ચોથું છે. હરોળમાં કોઈપણ બાજુથી ગણતરી કરીએ ત્યારે C ને ગણતરીમાં લેવો પડે છે. ડાબી કે જમણી બાજુ આપણા હાથ મુજબ નક્કી કરવી.

ઉદાહરણઃ

વિદ્યાર્થીઓની એક લાઇનમાં આરતી બરાબર મધ્યમાં છે, તે આગળથી સાતમાં ક્રમે હોય તો તેની સાથે પાછળ કેટલા વિદ્યાર્થી ઉભા હશે.

(1) 5 (2) 6 (3) 7 (4) 8

અહીં આગળથી સાતમાં ક્રમે છે. જેથી,

1, 2, 3, 4, 5, 6, આરતી

તેની આગળ 6 વિદ્યાર્થીઓ ઉભા હશે. આરતી આ લાઇનમાં બરાબર મધ્યમાં છે. તેથી જો તેની આગળ 6 વિદ્યાર્થીઓ ઉભા હોય તો તેની પાછળ પણ તેટલા જ વિદ્યાર્થીઓ હોય.

આમ, વિકલ્પ 2 એ આપણો સાચો ઉત્તર થશે

અહીં મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલ છે.

299. કવિતા છોકરીઓની હરોળમાં ડાબી બાજુથી પંદરમાં ક્રમે અને જમણી બાજુએથી તેરમા ક્રમે છે, તો તે હરોળમાં કુલ કેટલી છોકરી હશે?

(1) 29 (2) 28 (3) 25 (4) 27

300. વિદ્યાર્થીઓની એક લાઇનમાં વિજય બરાબર મધ્યમાં છે, તે આગળથી સાતમાં ક્રમે હોય તો લાઇનમાં કુલ કેટલા વિદ્યાર્થી ઉભા હશે?

(1) 14 (2) 12 (3) 11 (4) 13

301. 25 વિદ્યાર્થીઓની એક હરોળમાં મગન બરાબર મધ્યમાં છે. જમણી બાજુથી ગણતાં તેનો ક્રમ કેટલામો હશે?

(1) 15 (2) 12 (3) 11 (4) 13

302. 8 વિદ્યાથીઓની એક હરોળમાં ડાબી બાજુથી ગણતાં પાયલનો ક્રમ પાંચમો છે. જો જમણી બાજુએથી ગણતરી કરતાં તેનો ક્રમ કેટલામો થશે.

(1) 4 (2) 5 (3) 3 (4) 6

303. પાર્થ એક હરોળમાં ડાબી બાજુથી આઠમાં ક્રમે અને જમણી બાજુથી 19 મા ક્રમે છે. તો તે હરોળમાં કુલ કેટલી વ્યક્તિઓ હશે?

(1) 25 (2) 24 (3) 27 (4) 26

304. 'ક' એક લાઇનમાં આગળથી 11 માં ક્રમે છે. જો તે લાઇનમાં કુલ 26 વ્યક્તિઓ હોય, તો પાછળથી ગણતા તેનો ક્રમ કેટલામો થશે?

(1) 18 (2) 16 (3) 17 (4) 15

305. એક સીધી હરોળમાં અનિલ, મુકેશની ડાબી બાજુ છે. જ્યારે ટીના, અનિલની જમણી બાજુ છે. જો ટીના મુકેશની ડાબી બાજુ હોય તો ત્રણ પૈકી વચ્ચે કોણ હશે?

(1) ટીના (2) મુકેશ (3) અનિલ (4) માહિતી અધૂરી છે.

306. 14 વાહનોની એક સીધી હરોળમાં તરૂણની બાઇક ડાબી બાજુથી ગણતાં આઠમાં ક્રમે છે. જો જમણી બાજુથી ગણતરી કરવામાં આવે તો, પ્રદિપની કાર આઠમાં ક્રમે છે. તે બંને વાહન વચ્ચે બીજા કેટલા વાહનો હશે?

(1) 1 (2) 2 (3) 0 (4) 3

21. કૌટુંબિક સંબંધ નક્કી કરવો

આજના સમયમાં સંયુક્ત કુટુંબની પ્રથા ધીમે-ધીમે લુપ્ત થઇ રહી છે. ત્યારે કૌટુંબિક સંબંધોની ઓળખ જે પ્રમાણમાં ઘણી સરળ હતી તે અઘરી બની ગઇ છે. આ પ્રકારના પ્રશ્નો માટે તમારી પાસે માતા-પિતા, ભાઇ-બહેન, ભાભી, બનેવી, કાકા-કાકી, મામા-મામી, ફઇ-ફુઆ, માસી-માસા, દાદી-દાદા, નાની-નાના, પુત્ર-પુત્રી, પૌત્ર-પૌત્રી, દોહીત્ર-દોહીત્રી જેવા સંબંધોની સમજણ હોવી જરૂરી છે.

ઉદાહરણઃ

'ક' અને 'ખ' ભાઇ-બહેન છે. જ્યારે 'ગ' એ 'ઘ' ની પુત્રી છે. જો 'ઘ' એ 'ક' ની પત્નિ હોય તો 'ખ' અને 'ગ' વચ્ચે કયો સંબંધ હશે?

(1) માસી-ભાણેજ (2) કાકા-ભત્રીજી
(3) ફઇ-ભત્રીજી (4) ભાઇ-બહેન
અહીં 'ક' એ 'ખ' ભાઇ-બહેન છે. તેમજ 'ઘ' એ 'ક' ની પત્નિ છે. તેથી 'ખ' એ 'ક' ની બહેન છે તે નકકી થાય છે.
'ગ' એ 'ઘ'ની પુત્રી છે. તેથી તે 'ક'ની પણ પુત્રી થશે.
આમ, 'ગ' એ 'ક'ની પુત્રી છે, 'ખ' એ 'ક' ની બહેન છે. જેથી બંને ફઇ-ભત્રીજી થશે. આમ, વિકલ્પ 3 એ આપણો સાચો ઉત્તર થશે.
અહી મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલા છે.

307. એક છોકરાના ફોટોગ્રાફ ઉપર આંગળી ચીંધીને સુરેશ કહે છે ''આ મારી માંના એક માત્ર દિકરાનો દિકરો છે'' તો સુરેશ તે છોકરાનો શું થાય?
(1) ભાઇ (2) કાકા (3) પિતરાઇ (4) પિતા

308. 'ક' એ 'ખ' નો ભાઇ છે 'ખ' એ 'ગ' ની બહેન છે 'ગ' એ 'ઘ' નો પિતા છે તો 'ક' એ 'ઘ' નો શું થાય?
(1) મામા (2) દાદા (3) પિતરાઇ (4) કાકા

309. એક છોકરાની ઓળખાણ આપતાં એક છોકરી કહે છે ' તે મારા મામાના પિતાની એક માત્ર પુત્રીનો પુત્ર છે' તો તે છોકરો એ છોકરીનો શું થાય?
(1) ભાઇ (2) ભત્રીજો (3) કાકા (4) જમાઇ

310. એક ફોટોગ્રાફ તરફ આંગળી ચીંધીને લતા કહે છે '' આ મારા દાદાના એકના એક દિકરાનો દિકરો છે'' તો તે ફોટોગ્રાફ વાળી વ્યક્તિ લતા શું થાય?
(1) ભાણેજ (2) ભાઇ (3) પિતા (4) મામા

311. તમે કોની માના બાપના દિકરા થાઓ?
(1) ભાઇ (2) પિતરાઇ (3) માસી (4) ભાણેજ

312. ભરત સરિતાનો પુત્ર છે, સરિતા જયેશની બહેન છે, જયેશ ભરતનો શુ થાય?
(1) કાકા (2) ભાઇ (3) મામા (4) ભાણેજ

313. એક સ્ત્રી અને એક પુરૂષને કોઇએ પૂછયું કે તમારા બંને વચ્ચે શો સંબંધ છે ત્યારે સ્ત્રીએ કહ્યું '' એમના સસરા અને મારા સસરા સગા બાપ દિકરો થાય'' તો તેમની વચ્ચે શો સંબંધ હોય?
(1) સસરા-વહુ (2) મા-દિકરો (3) સાસુ-જમાઇ (4) પતિ-પત્નિ

314. તમારા ભાઇના પિતાની એકમાત્ર દિકરીનો દિકરો તમારે શું થાય?
(1) પિતા (2) ભાઇ (3) ભાણેજ (4) મામા

22. ઉંમર આધારિત કોયડાઓ

આ પ્રકારના પ્રશ્નોમાં ઉંમર સંબંધિત કેટલીક વિગતો આપીને અન્ય વિગતો શોધવાના પ્રશ્નો પૂછવામાં આવે છે. જો ઉંમરનો તફાવત આપેલ હોય તો એક ચલ 'X' ધારવાથી સરળતાથી ગણતરી થઇ શકે છે.
ટીપ્સઃ હંમેશા નાની ઉંમરની વ્યક્તિ માટે 'X' ધારવો
ઉદાહરણઃ
એક પરિવારમાં પુત્ર, પિતા અને દાદા રહે છે. પુત્રની ઉંમર જેટલા માસ છે, દાદાની ઉંમર ઠીક એટલા જ વર્ષની છે. પુત્રની ઉંમર જેટલા દિવસની છે, પિતાની ઉંમર ઠીક એટલા જ અઠવાડીયાની છે. જો ત્રણેયની ઉંમરનો સરવાળો 140 વર્ષ હોય તો પુત્રની ઉંમર કેટલી હશે?
(1) 14 વર્ષ (2) 12 વર્ષ (3) 7 વર્ષ (4) 8 વર્ષ
ધારો કે, પુત્રની ઉંમર 'X' વર્ષ છે.
તેથી પિતાની ઉંમર '7X' વર્ષ થશે. (અઠવાડીયામાં 7 દિવસ હોય છે)
અને દાદાની ઉંમર '12X' વર્ષ થશે. (વર્ષમાં 12 માસ હોય છે)
હવે 'X + 7X + 12X = 140 આપેલ છે. માટે X = 7 થશે.
આમ, પુત્રની ઉંમર 7 વર્ષ થશે. તેથી વિકલ્પ 3 એ આપણો સાચો ઉત્તર થશે.
કેટલીક વખત એકના બદલે બે ચલ ધારવાની પણ જરૂર પડતી હોય છે.
અહીં મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપવામાં આવેલા છે.

315. માતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો 40 વર્ષ છે. તો 5 વર્ષ પહેલા બંનેની ઉંમરનો સરવાળો કેટલા વર્ષ હશે?
(1) 45 (2) 35 (3) 30 (4) 40

316. 'ક' ની ઉંમર 'ખ' ની ઉંમર કરતાં ત્રણ ગણી છે. જો પાંચ વર્ષ બાદ 'ક' ની ઉંમર 'ખ' ની ઉંમર કરતાં બે ગણી થવાની હોય તો 'ક' ની હાલની ઉંમર કેટલા વર્ષ હશે?

